જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૫/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૪૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૫૮ લીટર દેશી દારૂ, ૮૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮ બીયરટીન, ૦૨ ઓટોરીક્ષા અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૫૧,૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૪૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## દુષ્પ્રેરણની ફરીયાદ :- સમાચાર યાદી નં.૯૩૧/૧૭

**રામોલ** : બલવીરસિંહ રામભરોસે રાજપુત (ઉ.વ.૫૨)(રહે.મ.નં.એ/૨, સોમનાથ સોસાયટી વિ-૨, વસ્ત્રાલ) એ તા.૪/૫/૧૭ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે લગ્નબાદથી તા.૦૪/૦૫/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બલવીરસિંહની દિકરી મમતા ને આરોપી પતિ :-અરવિંદભાઇ તુકમાનસિંહ રાજપુત (રહે.મ.નં.એ/૩૬ સોમનાથ સોસાયટી વિ-૨ વસ્ત્રાલ) એ દહેજની માંગણી કરી, મમતાને શારીરીક અને માનશીક ત્રાસ આપતાં, મરવા માટેનું દુષ્પ્રેરણ કરતા, તા.૪/૫/૧૭ બપોરનાં ૨/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે લોખંડનાં હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

## છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૯૪૧/૧૭

**સેટેલાઇટ** : અમીબેન મેઘલ સુબોધચંદ્ર શાહ (ઉ.વ.૪૨)(રહે,યોગાશ્રમ સોસાયટી, માણેકબાગ સોસાયટી નજીક, આંબાવાડી) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧૦/૨૦૧૬ ના કલાક ૧૦/૫૮ થી તા.૧૪/૧૦/૨૦૧૬ ના કલાક ૦૦/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપીઓ (૧)૮૭૪૫૯૧૭૩૩૨ ઉપર થી શીતલ શાહ તરીકે ઓળખાણ આપનાર (૨) ૮૭૫૦૮૫૦૬૪૫ ઉપરથી સ્વેતા તરીકે ઓળખાણ આપનાર (૩) ૮૭૫૦૪૧૨૪૩૬ ઉપરથી મીસ્ટર કપુર તરીકે ઓળખાણ આપનાર (૪) ૮૭૫૦૮૫૦૪૮૪ ઉપર થી બંસલ તરીકે ઓળખાણ આપનારે ભેગામળી અમીબેનનાં મોબાઈલ ઉપર અલગ-અલગ નંબર ઉપરથી ફોન કરી, પોતે મેક્સ લાઈફ ઈન્સ્યોરન્સના અધિકારી હોવાની ઓળખ આપી વિશ્વાસમાં લઈ NEFT મારફતે રૂપીયા ૯૮,૧૬૩/- મેળવી લઇ, અમીબેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૯૪૧/૧૭**

**નરોડા** : રણછોડભાઇ નાથાભાઇ ભરવાડ (ઉ.વ.૩૨)(રહે.શાંતિપથ રેસીડેન્સી, મુઠીયાગામ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૪/૧૭ ના કલાક ૯/૦૦ થી બપોરનાં ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના બંધ મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, મકાનમાંથી સોનાની બે બુટ્ટી કિંમત રૂપિયા ૬,૦૦૦/-, ચાંદીનું કડુ કિંમત રૂપીયા ૪,૫૦૦/- અને રોકડા રૂપીયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૯,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૯૪૧/૧૭**

**ચાંદખેડા** : શોભાબેન વાસુદેવ બઢીયે (ઉ.વ.૫૦)(રહે,રાજશ્રી બંગ્લોઝ I.C.I.C.I બેંકની પાસે ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૩/૧૭ થી તા.૧/૦૪/૧૭ દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરમાં ઘરકામ કરતી ઉષાબેન વા/ઓ મોહનસિંગ પરમાર (રહે,પંચશ્લોક રેસીડેન્સી ચાંદખેડા) એ શોભાબેનનાં બેડરૂમમાં આવેલા લાકડાના કબાટમાંથી સોનાનુ મંગલસુત્ર કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- તથા સોનાનું નેકલેસ કિંમત રૂપીયા ૧૦,૦૦૦/- તથા કાનના બે કર્ણ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૯૪૨/૧૭**

**સેટેલાઇટ** : જીગ્નેશભાઈ કનૈયાલાલ ખત્રી (ઉ.વ.૪૯)(રહે,મારૂતી સેલીકોન ઈસ્કોન મોલની પાછળ સેટેલાઈટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૫/૧૭ ના કલાક ૫/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘર નજીક પોતાની હુંડાઈ કંપનીની ક્રીયેટા કાર નંબર જીજે.૦૧.આર.વી.૧૬૫૯ કિંમત રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- મતાની પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.યુ.મસી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૪૫/૧૭**

**શાહપુર** : મનોજભાઈ હેમંતરાવ ચૌહાણ (ઉ.વ.૩૩)(રહે,બોરડીવાળાની પોળ, દરવાજાનો ખાંચો શાહપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૪/૦૫/૧૭ સવારના ૭/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.રાઠોડ ચલાવે છે.

**શહેરકોટડા** : ઇંદીરાબેન ઉર્ફે ગીતાબેન યોગેશભા મકવાણા (રહે, “સી” કોલોની અશોકમીલ સામે નરોડા રોડ) છેલ્લા આઠેક વર્ષથી માનસીક બીમારીથી પીડાતા હોઇ, બીમારીથી કંટાળી જઇ, તા.૦૩/૦૫/૧૭ ના કલાક ૫/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જતા, શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૪/૫/૧૭ ના કલાક ૦૦/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હમીરભાઇ અળસીભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)